

May 2023 | Issue No. 42 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા 3 પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



આનંદની અનુભૂતિ

## મુજે નહીં પતા કી મેરી લાઇફ સ્ટોરી કયા હોગી???

## લેકિન ઉસમે યે કભી નહીં લીખા હોગા કી 'મેને હાર માન લી'......

જ્યારે મારો ઓફિસનો પહેલો દિવસ હતો ત્યારે મને બહુ બીક લાગતી હતી. કે ત્યાં જઇશ એટલે શું થશે, ત્યાં કેવું હશે. ત્યાં મને બધા કેવી રીતે જોશે, બધા મારા વિશે કેવું વિચારશે, મારા માટે કેવી સુવિધા હશે, મને ત્યાં ફાવશે કે નહીં, આવા મારા મનમાં અનેક પ્રશ્ન થયા પણ અહીં તો કંઇક અલગ જ બને છે આજે આટલા મહિના પછી મારા મનમાં એક પણ સવાલ નથી.

હું પહેલા દિવસે ઓફિસ આવી તો પેલા ખેડૂતો જેમ વરસાદ ની રાહ જુએ છે. તેમ ઓફિસમાં બધા મારી રાહ જોઇ રહ્યા હતા. અમારા કેશવસર ઘરે થી ચાલીને આવીને મારા માટે ખુરશી લઇને લીફ્ટ પાસે ઉભા હતા, ત્યારે મને જોઇ ને થયું "ઓહ આટલું બધુ મારા માટે"??? હું અને કેશવસર ઓફિસ માં ગયા. આજે મને બહુ મજા આવી ત્યાં મારુ પર્સનલ કમ્પ્યુટર મળી ગયું અને એમ થયું કે, " મારી જગ્યા છે મને કામ કરવાની તક મળી, જયા હું મારી જાત ને સાબિત કરી શકીશ એ મારી શરૂઆત હતી તેવી મને જગ્યા મળી કે હું કંઇક કરીશ."

મને પહેલા જ દિવસે એવો આવકાર મળ્યો કે મને લાગ્યું જ નહિ કે, 'હું નવી છું'. શરૂઆત માં બધા એ મને સારી રીતે સ્વીકારી પણ મને એવું લાગતું હતું કે બધા સાથે મારો આત્મીયતા નો સંબંધ બંધાશે કે કેમ, મને બધા સાથે ફાવશે કે કેમ, એ લોકોને મારી સાથે ફાવશે કે કેમ, મને કામ કરવું ફાવશે કે કેમ એવું લાગતું હતું પણ ઓફિસ માં એવું વાતાવરણ બની ગયું કે અમે બધા ક્યારે ભળી ગયા ખબર જ ના રહી, આ માટે કોઇ ચોક્કસ ક્ષણ ન હોય એ સમય આવે એટલે ધીમે-ધીમે અનુભવો થતાં જાય બધી પ્રક્રિયા થતી જાય અને ક્યારે એકબીજાની નજીક આવી જઇએ ખબર જ ના રહે, એવી જ રીતે અમે બધા ભળી ગયા અને ક્યારે એક પરિવાર બની ગયા ખબર જ ના રહી.

હું હોસ્ટેલમાં રહું છું તો મારા પરિવારની યાદનો ખાલીપો મને ક્યાંક ક્યાંક દૂર કરે અને મને પ્રેમ અને હૂંફ આપી રહ્યા છે અને મને હોસ્ટેલ કરતાં ઓફિસમાં મજા આવે છે. શરૂઆત માં મને એમ લાગતું હતું કે હું એક મહિનો પણ નહીં રહી શકું પણ આજે મારે ઘણા મહીના થઇ ગયા છે, કેમ સમય પસાર થઇ ગયો એની ખબર જ ના રહી.

હાલ માં હું પ્રભાત માં એડમિનિસ્ટ્રેટરની ફરજ બજાવી રહી છું, થોડું એકાઉન્ટ નું કામ પણ કરું છું. અને મારા માં ઘણી બધી સ્કિલ છે પણ તેને કેવી રીતે બાર લાવું એનો કોઇ મને આઇડિયા ના હતો પણ આ પ્રભાતમાં મારી સ્કિલ ને બહાર લાવવની મને તક મળી. હવે હું મારી સ્કિલ નો સારી રીતે ઉપયોગ કરી શકું છું. મારી સ્કિલના કારણે આજે મને લીડરશિપની તક મળી છે, હું મહિનામાં એક વાર અમારા વટવા, દાણીલીંબડા ની વિઝિટ કરું છું અને બાળકો ને વોકેશનલ નું શિખવાડું છું બાળકોને પણ મજા આવે છે. તેઓ માંથી શીખે છે એનો મને પણ આનંદ થાય છે. મને લાગે છે કે મે બાળકોને શીખવ્યું અને તેઓ નવું કંઇક શીખી શક્યા. પ્રભાત માં ૮ માર્ચ મહિલા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે મે સેંટરમાં બાળકોને ફ્રેન્ડશીપ બેન્ડ બનાવતા શિખવાડિયા હતા. દરેકે મળીને ૧૧૦ ફ્રેન્ડશીપ બનાવ્યાં હતા અમે મહિલા દિવસે બધી બહેનો ને ફ્રેન્ડશીપ બેન્ડ બાંધી ને એક ફ્રેન્ડ જેવો અહેસાસ કરાવ્યો હતો.

જ્યારે અમે ડિસેબલ લોકો નોકરી માટે કંપની અથવા કોઇ સંસ્થામાં ઇન્ટરવ્યુ આપવા જઇએ ત્યારે એ લોકો ને એવું લાગે કે આ ડિસેબલ વ્યક્તિ કઇ કામ નહીં કરી શકે પણ આ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં કઇ પણ વ્યક્તિએ એવું વિચારીયા વગર મને એકસેપ્ટ કરી છે અને હંમેશા કરતાં રહેશે. તેથી જ કહેવાય છે કે મળે જો કોઇ નો સાથ તો હિમાલય પણ સર થઇ જાય છે તેમ આ પ્રભાત મને સાથ આપે છે. બસ એવી જ રીતે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનનો સાથ મળ્યો છે તો એવું લાગે છે કે હું મારી મંજિલ સુધી પહોંચી શકીશ. અને મારા લક્ષ્ય સુધી પહોચી શકીશ.

કોઇ પણ ડિસેબલ વ્યક્તિ એવું નથી વિચારતાં કે તેમને સારી ફેસીલીટી મળે, તેને અલગ ઓફિસ મળે, તેની માટે અલગ બધી સુવિધા હોવી જોઇએ એવું નથી વિચારતાં, પણ તેમને સારી રીતે બોલાવો, તેમની સાથે સારો વ્યવહાર કરો, તેમને માન સન્માન આપો, તેમની કયારેય હસી ના ઉડાવવી જોઇએ. એટલું પુરતું છે.

આ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં ક્યારે કોઇ વ્યક્તિએ એ એવું નથી વિચાર્યું કે હું ડિસેબલ છું મને હંમેશા બધાની સાથે જ રાખી છે તેથી જ મને એવું લાગે છે કે હું ડિસેબલ નથી પણ નોર્મલ છું. જીત એ માણસને ક્યારેય 'મળતી' નથી પણ તેને 'મેળવવી' પડે છે. આવી જ રીતે મે પ્રભાત સાથે જોડાઇને જીત મેળવી છે. મારા માટે પ્રભાત માં છે તેમ બધી કંપની અને બધી સંસ્થામાં આવું હોવું જોઇએ અને રાખવું પણ જોઇએ.

દરેક વ્યક્તિ માં ઘણી બધી કુશળતા હોય છે પણ એ લોકોને તક મળતી નથી. પણ આજે મને તક મળી છે હું એવું ઇચ્છું છું કે દરેક ને તક મળવી જોઇએ પછી એ વ્યક્તિ જરૂર થી કેટલું સક્ષમ છે એ બધાને ખ્યાલ આવશે.

લખનાર : સંગીતા (પ્રભાત માં ડેટા મેનેજમેન્ટ ની જવાબદારી સંભાળી રહ્યા છે. (પ્રભાતમાં કાર્ય કરતા પોતાને થયેલ અનુભવ ની આ વાત તેમણે પોતાના જ શબ્દોમાં અહી વ્યક્ત કરીછે).મુખ્ય બ્લોગ :

https://prabhateducationfoundation.org/blog/





https://www.instagram.com/prabhat_education_foundation/

https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

www.prabhateducationfoundation.org

# મંથલી અપડેટ

## પ્રગતિ અહેવાલનું વાલી સાથે આદાન પ્રદાન :

વર્ષના અંતે 'સંતોષ'ની લાગણી અને નવા વર્ષ માટે 'આશા' સાથે પ્રભાત સેન્ટરમાં 'પ્રગતિ અહેવાલ' ને બાળક અને વાલી સાથે શેયર કરવામાં આવે છે. પ્રગતિ નાની હોય કે મોટી વાલી અને પ્રભાત બંને માટે 'વિશેષ' હોય છે. અહી વ્યક્તિગત સ્તર પર વાલી સાથે સંવાદ થાય છે. બાળક માટે જે વાર્ષિક લક્ષ્ય રાખવામાં આવ્યું હોય છે તેના આધારે કેટલું પ્રાપ્ત કરી શકાયું છે તેની વાત કરવામાં આવે છે. અને જે બાકી હોય કે નવા લક્ષ્ય માટે ફરી એ જ ઉર્જા અને આશા સાથે બાળકની નવા વર્ષની સફરની શરૂઆત કરવામાં આવે છે.

દાણીલીમડા અને વટવા સેન્ટર પર વોકેશનલ ટ્રેનીંગના બાળકોના વાલી સાથે આ 'પ્રગતિ અહેવાલ' વ્યક્તિગત રીતે 'શેયર' કરવામાં આવેલ હતું. દરેક વાલી સાથે વાત કરતા એક સામાન્ય બાબતએ આવી હતી કે, વોકેશનલ ટ્રેનીંગ દરમ્યાન બાળકમાં આવેલ કુશળતા એ બાળકમાં આત્મવિશ્વાસ ઉભું કર્યું છે તો વાલીઓ માટે આવનાર ભવિષ્ય માટે નવા દરવાજા ખોલ્યા છે.

*દાણીલીમડાના પ્રેમની માતા જ્યોતિ બહેન કહે છે કે, "પ્રેમને કેફટ એરિયામાં જયારે નવી નવી વાનગીઓ શીખવાડવામાં આવે છે તે મને હવે લાગે છે કે, પ્રેમ મારી સાથે વ્યવસાય કરવા તૈયાર થઇ જશે." તેમના મમ્મીને ચા કીટલી છે એમાં તેઓ પ્રેમ માં આવેલ આવડત ને ધ્યાનમાં રાખીને સેન્ડવીચ, દાબેલી વગેરે નાસ્તો રાખવાનું પણ વિચારે છે.*

## ઇન્ટર્નશીપ :

પ્રભાત એક એવી જગ્યા છે જ્યાં શીખવા માટે મોકળાશ છે અને નવા વિચારો માટે 'આવકાર' છે. તેથી જ ઇન્ટર્નશીપ 'માં આવતા વિદ્યાર્થીઓ હમેશા પ્રભાત તરફથી શીખીને તો જ જાય છે પણ પોતે શીખ્યા બાદ, પ્રભાતને પણ નવા વિચારો આપે છે. NID - ગાંધીનગરથી આવેલ વિદ્યાર્થીઓ પ્રથમ પ્રભાતની મુલાકાત લીધી. બાળકોની સાથે સમય પસાર કર્યો. તેમના ઘરે મુલાકાત કરી.આમ , દરેક દ્રષ્ટિકોણથી તેમને સમજ્યા બાદ, તેમણે પ્રોડક્ટ બનાવી. જે ઓટીઝમ અને સ્પીચ થેરાપી માટેનું ટુલ્સ હતું. જેનું સેન્ટર પર સ્પેશીયલ એજયુકેટર અને બાળકો સાથે રહીને ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જે અસરકારક અને બાળક માટે ઉપયોગી લાગ્યું.

## મુલાકાત :

ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી ગાંધીનગરથી પ્રીન્પાલ અને વિધાર્થીઓ પ્રભાતની મુલાકાત માટે આવેલ હતા. જેમાં વિધાર્થીઓ સાથે સંવાદ કરીને પ્રભાતની પ્રવૃતિઓ અને કાર્યક્રમોની વાત કરવામાં આવી હતી. ભવિષ્યમાં આ વિધાર્થીઓ ઇન્ટર્નશીપ દ્વારા પ્રભાત સાથે જોડાશે એવું કહ્યું હતું.

## સમર કેમ્પ :

2004માં જયારે 'સ્પેશીયલ બાળક' માટે સમર કેમ્પ કેમ નહિ એ સવાલના જવાબ રૂપે પ્રભાતે 'સમર કેમ્પની શરૂઆત કરી હતી. જેને આજ સુધી નિરંતર જાળવી રાખવાનું પ્રભાતને 'આનંદ' છે. માત્ર પ્રભાતના બાળકો નહિ પણ તેના ભાઈ – બહેન હોય કે આસપાસના બાળકો હોય દરેક તેની આતુરતાથી 'રાહ' જોતા હોય છે. અને નવા નવા બાળકો પણ દર વખતે જોડાય પણ છે. આનંદ ઉલ્લાસ નો આ સમય તેમના માટે હોય છે. જ્યાં 'સ્પેશીયલ બાળકના મિત્ર 'સ્પેશીયલ બાળક' જ હોય તે 'સંકુચિત માનસિકતા' તૂટે છે. અહી ફક્ત 'બાળક' જ હોય છે કોઇપણ 'લેબલ ' વગર આવતા દરેક બાળકો અહી સાથે રહીને મજા કરે છે.

દર વર્ષની જેમ, આ વર્ષે પણ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 1. વટવા ખાતે 'એબી હિન્દી વિધાલય' અને 2. કાંકરિયા શાળા નંબર 8 માં આયોજિત કરવામાં આવેલ હતું. જેમાં કુલ્લ મળીને ૫૫ બાળકો સહભાગી બન્યા હતા. અહી દિવસને 'ખાસ અને આનંદિત બનાવવા શિક્ષકો દ્વારા સર્જનાત્મક પ્રવૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. જેમાં, ક્રાફટમાં વોલ હેંગીગ, ફોટો ફ્રેમ, , માટીકામ , ડાન્સ, વેસ્ટ માંથી બેસ્ટ , ડ્રોઇંગ વગેરે કરવામાં આવ્યું.

કાંકરિયા શાળા નંબર -8ના ક્લસ્ટરમાં આવતા દરેક 'સ્પેશીયલ બાળક' પણ તેમના વાલી સાથે સહભાગી બન્યા હતા. તેમના દ્વારા સમર કેમ્પ નો પ્રથમ અનુભવ એવો હતો કે જ્યાં , દરેક બાળક સમાન હતું અને બાળક માં ક્ષમતાઓ છે તેની અનુભૂતિનો અહેસાસ કરાવનાર હતું. આ ઉપરાંત, આ વાલીઓ એ એમ પણ કહ્યું કે, અમને અમારા બાળકો સાથે પ્રવૃત્તિ કરવા માટે રચનાત્મક વિચારો અહીંથી મળ્યા છે જેના અમે આભારી છીએ.

આ ઉપરાંત, એબી વિદ્યાલય ના પ્રિન્સિપાલ શ્રી વરુણ કુમાર કહે છે કે, પ્રભાત સંસ્થા દ્વારા જે પ્રવૃતિઓ કરવામાં આવી જેમાં સ્પેશીયલ બાળકો અને અન્ય બાળકો સાથે રહી જે પ્રવૃત્તિ કરીને પ્રોડક્ટ બનાવી છે તે ખુબ જ સુંદર છે. આ પ્રકારની પ્રવૃત્તિથી અમારી શાળા તરફથી પ્રભાત સંસ્થાનો આભાર વ્યક્ત કરું છે.

## વાલી મીટીંગ :

આવનાર વર્ષ બાળક માટે વાલી પોતાની ભૂમિકા અસરકારક રહે તે ઉદ્દેશ્યથી વટવા સેન્ટર પર વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ વાલી દ્વારા આવનાર વર્ષ માટે બાળકના વ્યક્તિગત લક્ષ્ય ને આધારે તેઓ સક્રિય ભૂમિકા ભજવે. અને બાળકની પ્રગતિમાં નોંધપાત્ર ફાળો ભજવે તેવી વાત કરવામાં આવી હતી. આ મીટીંગ માં ખાસ એ જોવા મળ્યું કે, બાળકના મોટા ભાઇઓ પણ વાલી મીટીંગ માં સહભાગી બની પોતે પોતાના નાના ભાઇ બહેન માટે અસરકારક ભૂમિકા ભજવશે તેવી વાત કરી.

# ફોટો ગેલરી



















**Prabhat Education Foundation**
A-4, Sujal apartment
Opp. Satellite bungalow
Ramdevnagar
Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT
EDUCATION FOUNDATION